**Loksatta**

**Edition:** Vadodara | **Date:** 15th February, 2013 | **Page No.:** 08 & 07

# શહેરમાં કાયમી પ્રદર્શન કેન્દ્ર બનાવવા ૫૬ હેક્ટર જમીન અનામત : આનંદીબેન પટેલ



(તસવીર : ધર્મેશ જોબનપુત્રા)

**વડોદરા, ગુરુવાર**

વુડા દ્વારા નગર આયોજનમાં વડોદરામાં કાયમી પ્રદર્શન કેન્દ્ર બનાવવા માટે ૫૬ હેક્ટર જમીન અનામત રાખવામાં આવી છે તેનો ઉલ્લેખ કરતા મહેસુલ અને શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આઠમાં વીસીસીઆઇ મહાપ્રદર્શનનું ઉદઘાટન કરવાની સાથે જણાવ્યું હતું કે, રાજ્યના ઉદ્યોગ વિભાગ સાથે પરામર્શ કરીને, વીસીસીઆઇ તેમજ વડોદરાના ઔદ્યોગિક મંડળો પીપીપી મોડમાં કાયમી પ્રદર્શન કેન્દ્રના નિર્માણનું આયોજન કરે તેમણે માનવ સંપદા સૂચકાંકમાં ગુજરાતની પીછેહઠ નિવારવા માટે કુપોષણ નિવારણ તેમજ કન્યા ભ્રુણ હત્યાની અટકાયતના રાજ્ય સરકારે હાથ ધરેલા વ્યૂહાત્મક પ્રયાસોમાં વીસીસીઆઇ સહિતના ઔદ્યોગિક સંગઠનો સહભાગીદાર બને અને સમાજ જાગૃતિના કાર્યક્રમમાં આ. બે બાબતોના સમાવેશની સાથે, કામદાર પરિવારોની મહિલાઓ અને બાળકોમાં કુપોષણ નિવારણનું અભિયાન ઉપાડે તેવો ખાસ અનુરોધ કર્યો હતો.

સાડા ત્રણ લાખ હેક્ટર જગ્યામાં ઔદ્યોગિક ઉત્પાદનો

**(અનુસંધાન પાન ૭ પર)**

## શહેરમાં કાયમી

અને નવીન ટેકનોલોજી સહિત વ્યાપાર-ઉદ્યોગ પ્રોત્સાહક મહા પ્રદર્શન યોજવા અને ખાસ કરીને લઘુ અને મધ્યમ ઉદ્યોગોને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવા માટે તેમજ એક મહિલાને સુકાનીપદ સોંપવા માટે તેમણે વીસીસીઆઇને અભિનંદન આપ્યા હતા. આઠમાં વીસીઆઇ મહાપ્રદર્શનના શુભારંભ સમારોહમાં મેયર ડો જ્યોતિબેન પંડ્યા સાંસદ બાળકૃષ્ણ શુકલ ધારાસભ્યો જીતુ સુખડિયા, યોગેશ પટેલ, રાજેન્દ્ર ત્રિવેદી, મનીષા વકીલ, રીજનલ પી.એફ. કમિશનર ડો. વેદ પ્રકાશ, એસબીઆઇના ડીજીએમ અશ્વિન મહેતા, શ્રીમંત સમરજીતસિંહજી ગાયકવાડ, નાયબ મેયર હરજીવન પરબડિયા, વિપક્ષી નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્તવ, સ્થાયી સમિતિના અધ્યક્ષ ડો. વિજય શાહ સહિત નગરસેવકો, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ પ્રકાશ ભગવતી, ત્રિભુવન કાબરા, પ્રેમરાજ કશ્યપ અને કલ્પેશ પટેલ સહિત ઉદ્યોગપતિઓ, પ્રોફેશનલ્સ, વીસીસીઆઇ ટીમ મેમ્બર્સ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકારે આ વર્ષમાં ઉદ્યોગોના સહયોગથી કૌશલ્ય તાલીમ તેમજ ૧.૩૦ લાખ યુવાનોને રોજગારી આપીને સ્વામી વિવેકાનંદ સાર્ધ શતાબ્દી વર્ષમાં યુવા સશક્તિકરણના સંકલ્પને સાકાર કર્યો છે. તેવી લાગણી વ્યક્ત કરતાં મહેસુલ મંત્રીએ જણાવ્યું હતું કે, લઘુ ઉદ્યોગોના ક્ષેત્રમાં સહુથી વધુ રોજગારી મળે છે એ વાતની અગત્યતા સમજીને રાજ્ય સરકારે મોટા ઉદ્યોગિક એકમોને પૂરક હોય તેવા એન્સીલરી ઉદ્યોગોની સ્થાપનાથી લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાની નીતિ અપનાવી છે. તેમણે કેનાલો પર સૌર પેનલ્સ સ્થાપીને સૂર્ય ઊર્જા પેદા કરવા અને બાષ્પીભવન અટકાવીને ૨૦ ટકા જેટલી જળબચત કરવાના ગુજરાતના વૈશ્વિક પ્રથમ પ્રયોગની તથા જમીન વગર, હવામાં ખેતી કરવાના ક્રાંતિકારી કૃષિ ઉદ્યોગ પ્રયોગની માહિતી આપી હતી.